શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ

# શ્રી હરિ કવચ

## (ગુજરાતી)

–: આશીર્વાદ :–

પરમપૂજય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

–: પ્રકાશક :–

મહંત પુરાણી સ્વામિ ધર્મનંદનદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર

(ભુજ–કચ્છ)

# શ્રી હરિજી

સાવર્ણિગોત્રીય દ્વિજેન્દ્રકુળને ભાલતિલકવત શોભાવનાર દ્વિજેન્દકુલભુષણ શ્રી સ્વામિનારાયણ ભગવાન, જેમનું બીજું નામ શ્રી કૃષ્ણ છે. તેઓ કળિયુગમાં કૃપા કરીને ધર્મદેવ અને ભકિતદેવી થકી સદ્ધર્મના રક્ષણ માટે પ્રગટ થયા હતા. એવા શ્રી હરિને હું વંદન કરું છું -(૧)

જેમનાં તીવ્ર તપશ્ચર્યાદિ આચરણ, યોગીન્દ્રોને પણ આચરણમાં મૂકવાં મુશ્કેલ હોવાથી તેઓને આશ્ચર્યમાં મૂકી દેતા તથા શમ, દમ, ક્ષમા, તિતિક્ષા-આદિ સર્વ સાધુગુણે સંપન્ન, તેમ જ જેમને ભાળીને કામ દૂરથી જ પલાયન થઇ જાય છે અને નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતને પોતાના આચરણ વડે પરિપોષણ કરનારા શ્રી હરિને હું વંદન કરું છું. -(૨)

જેમનો આનંદ સહજ સ્વાભાવિક છે. વળી ભકતોને સહેજે સહેજે આનંદ પમાડનારા અને સર્વના સ્વામી એવા શ્રી સહજાનંદ સ્વામી - પોતાને મન-વચન-કર્મે અનન્ય ભાવથી નમસ્કાર કરનાર ભકતજનોની આરત અર્થાત્ સાંસારિક પીડાને નિશેષપણે હરનારા છે. દૃઢ આશ્રિતોને પોતાના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવીને તેમની ભકિત અને હર્ષને વધારનારા "ભકિતહર્ષવિવર્ધન" નારાયણમુનિ (શ્રી સ્વામિનારાયણ ભગવાન) ને હું નમસ્કાર કરું છું. -(૩)

વર્ણિરાજ અર્થાત્ અનંત મુકતો-વર્ણિઓનાં મંડળો જેમની સમક્ષ સદા નમસ્કાર કરીને બેઠાં છે એવા ધર્મનંદન શ્રી હરિને નમસ્કાર કરીને નિત્યાનંદ મુનિ નામથી ઓળખાતો હું, સદા શુભકારી એવા હર્યાત્મક કવચને રહું છું. -(૪)

આ શ્રી હરિકવચ સ્તોત્ર માળા મંત્રના ઋષિ વ્યાસમુનિ છે. તેનો છંદ-અનુષ્ટુપ છે. આ મંત્રના દેવતા- 'ભકિતધર્મનંદન' શ્રી હરિ છે. કીલક (સ્તંભ, આધાર)-'ભકિતધર્મવિવર્ધન' શ્રી હરિ છે. આ મંત્રનું બીજ 'ધર્મરક્ષક' શ્રી હરિ છે. આ મંત્રની શકિત 'બ્રહ્મદ્વ્રતધર' એવા શ્રી હરિ છે. આ સ્તોત્રનો વિનિયોગ- 'મારા સમગ્ર મનોરથની સિદ્ધિ' નિમિત્તના જપમાં છે.

ત્યાર બાદ નીચે મુજબના ન્યાસ કરવા. ન્યાસ બે પ્રકાર ના છે. (૧) કર ન્યાસ અને (૨) ષડંગન્યાસ.

## કરન્યાસ

(I) " ૐ શ્રી હરિકૃષ્ણાય નમો અંગુષ્ઠાભ્યાં નમ:" શ્રી હરિકૃષ્ણ મહારાજને નમસ્કાર હો- એમ બોલીને બે અંગૂઠામાં શ્રી હરિકૃષ્ણ મહારાજને નમસ્કાર કરવા.

(II) " ૐ શ્રી ભકિતધર્માત્મજાય નમસ્તર્જનીભ્યાં નમ:" ભકિત-ધર્મના પુત્ર શ્રી હરિને નમસ્કાર હો- એમ બોલીને અંગૂઠા પાસેની બન્ને આંગળીઓમાં ભકિત-ધર્મના પુત્ર શ્રી હરિને નમસ્કાર કરવા.

(III) " ૐ શ્રી હરયે નમો મધ્યમાભ્યાં નમ:" શ્રી હરિને નમસ્કાર હો-એમ બોલીને વચલી આંગળીમાં શ્રી હરિને નમસ્કાર કરવા.

(IV) " ૐ શ્રી કૃષ્ણાય નમો અનામિકાભ્યાં નમ:" શ્રી કૃષ્ણને નમસ્કાર હો- એમ બોલીને ત્રીજી આંગળીમાં શ્રી કૃષ્ણને નમસ્કાર કરવા.

(V) " ૐ શ્રી નીલકંઠાય નમ: કનિષ્ટિકાભ્યાં નમ:" શ્રી નીલકંઠ વર્ણિને નમસ્કાર હો-એમ બોલીને ટચલી આંગળીઓમાં શ્રી નીલકંઠ વર્ણિને નમસ્કાર કરવા.

(VI) " ૐ શ્રી સ્વામિનારાયણાય નમ: કરતલકરપૃષ્ટાભ્યાં નમ:" શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર હો- એમ બોલીને હથેળીઓના પાછલા ભાગમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર કરવા.

## ઈતિ કરન્યાસ.

## હવે નીચે મુજબ ષડંગન્યાસ કરવો.

(I) " ૐ શ્રી હરિકૃષ્ણાય નમો હૃદયાય નમ:" શ્રી હરિકૃષ્ણ મહારાજને નમસ્કાર હો–એમ બોલીને હૃદયમાં શ્રી હરિકૃષ્ણ મહારાજને નમસ્કાર કરવા.

(II) " ૐ શ્રી ભકિતધર્માત્મજાય નમ: શિરસે સ્વાહા" ભકિત–ધર્મના પુત્ર એવા શ્રી હરિને નમસ્કાર હો– એમ બોલીને (શિર) માથાને વિષે શ્રી હરિને નમસ્કાર કરીને 'સ્વાહા' એવો શબ્દ ઉચ્ચાર કરવો.

(III) " ૐ શ્રી હરયે નમ: શિખાયૈ વષટ્" –શ્રી હરિને નમસ્કાર હો–એમ બોલીને શિખા (ચોટલી)ને વિષે શ્રી હરિને નમસ્કાર કરી 'વષટ્' એવો શબ્દ ઉચ્ચાર કરવો.

(IV) " ૐ શ્રી કૃષ્ણાય નમ: કવચાય હુમ્" શ્રી કૃષ્ણને નમસ્કાર હો– એમ બોલીને કવચને નમસ્કાર કરીને 'હુમ્' એવો શબ્દ ઉચ્ચાર કરવો.

(V) " ૐ શ્રી નીલકંઠાય નમો નેત્રાભ્યાં વૌષટ્" શ્રી નીલકંઠ વર્ણિને નમસ્કાર હો– એમ બોલીને આંખોને વિષે શ્રી નીલકંઠ વર્ણિને નમસ્કાર કરીને 'વૌષટ્' એવો શબ્દ ઉચ્ચાર કરવો.

(VI) " ૐ શ્રી સ્વામિનારાયણ નમોસ્ત્રાય ફટ્"– શ્રી સ્વામિનારાયણ ભગવાનને નમસ્કાર હો– એમ બોલીને અસ્ત્રને નમસ્કાર કરીને 'ફટ્' એવા શબ્દનો ઉચ્ચાર કરવો.

## ઇતિ ષડંગન્યાસ:

**આ પ્રમાણે કરન્યાસ અને ષડંકન્યાસ કરીને પછી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરવું.**

## અર્થ ધ્યાનમ્

ધર્મદેવના પુત્ર, સર્વ ઇશ્વરના પણ ઇશ્વર એવા પુરુષોત્તમ શ્રી કૃષ્ણનારાયણ સર્વોત્તમ સિંહાસનમાં બિરાજમાન છે. તે કેવા છે? તો અનંત ભકતજનોના વૃંદથી પૂજાયેલા અને આશ્રિતોના સકળ સંતાપનો વિનાશ કરીને અપરિમીત સુખના આપનારા છે.

આશ્રિતોના દુ:ખનો નાશ કરનાર, કરૂણારૂપી અમૃતના સાગર, મુનિવરો અતિ સ્નેહથી જેમનાં જુગલ ચરણ કમળની નિત્ય સેવા કરે છે એવા, અને એક ધર્મ જ જેમને પ્રિય છે અને સદા આશ્રિતો પ્રત્યે પરમ પ્રેમને સૂચવનાર મંદ હાસ્યથી શોભાયમાન મુખારવિંદ જેમનું છે. એવા શ્વેત–સૂક્ષ્મ વસ્ત્રોને ધારણ કરનાર શ્રી હરિનું હું ધ્યાન કરું છું.–(૫)

**(અહિંથી શ્રી હરિ કવચ સ્તાત્રનો આરંભ થાય છે)**

જેમના ગુણ–કર્મ અને નામનું શ્રવણ અને કીર્તન પુણ્યદાયી છે એવા ભગવાન શ્રી હરિ પ્રાચી અર્થાત્ પૂર્વ દિશામાં મારી સર્વ પ્રકારે રક્ષા કરો. શરણાગત ભકતજનોની અંત સમયે ભયંકર યમદૂતોથી રક્ષા કરનાર શ્રી હરિ દક્ષિણ દિશામાં આવતા ભય થકી મારી રક્ષા કરો–(૬)

ભકતોના હૃદયમાં બિરાજમાન થઇને તેમની અસદ્ વાસનાઓનો મૂળમાંથી ઉચ્છેદ કરનાર એવા ભગવાન શ્રી હરિ પશ્ચિમ દિશાનાં ભયસ્થાન થકી મારું રક્ષણ કરો. ઇચ્છારામજીના મોટાભાઇ તરીકે પ્રાદુર્ભાવ પામેલા તે આ મુનિ અર્થાત્ શ્રી હરિકૃષ્ણ, ઉત્તર દિશામાંથી આવતા ભય થકી મારી રક્ષા કરો.– (૭)

સહજ સ્વાભાવિક આનંદ જેમનો છે એવા શ્રી હરિ સહજાનંદ પ્રભુ ઇશાન ખૂણામાં મારી રક્ષા કરો. હનુમાનજી જેમને પ્રિય છે અને હનુમાનજીને જે પરમ પ્રિય છે એવા શ્રી હરિ અગ્નિ ખૂણામાં તથા નૈઋત્ય ખૂણામાં મારી રક્ષા કરો.– (૮)

અનન્ય ભાવથી નમન કરનાર શરણાગત ભકતજનની સમગ્ર પીડા તથા સંતાપને હરનારા ભગવાન શ્રી હરિ વાયવ્ય ખૂણાનાં ભય સ્થાન થકી મારી રક્ષા કરો. જેમનું દર્શન સૌ કોઈનું સર્વ પ્રકારે મંગળ કરનારું છે એવા ભગવાન શ્રી હરિ ઊર્ધ્વ દિશામાં મારી રક્ષા કરો.- (૯)

પરમ એકાંતિક સંતોનું સુહ્રદયની પેઠે હિત-ચિંતન કરનારા, ધર્મપરાયણ ભકતોના પક્ષમાં રહેનાર અને સદા ધર્મનું જ પ્રતિષ્ઠાપન કરનારા શ્રી હરિ અધો દિશામાં સર્વ ભય થકી મારું પાલન કરો. આશ્રિતોનાં તમામ પાપ અને પીડાને હરનારા ભગવાન શ્રી હરિ પ્રાતઃકાળમાં મારું રક્ષણ કરો. આનંદમય શ્રી હરિ સંગવકાળ (સવારે ૧૦ થી ૧૨ ક.) માં મારી રક્ષા કરો.- (૧૦)

ઈશ્વરનું અસ્તિત્વ ન સ્વીકારનારા નિરીશ્વરવાદીઓના મતનું, પ્રમાણો આપીને ખંડન કરી સેશ્વરવાદ (ઈશ્વરવાદ)નું પ્રતિપાદન કરનારા, ધર્મપ્રપોષક શ્રી હરિ દિવસના પ્રથમ ભાગમાં મારી રક્ષા કરો. વિપ્રોએ કરેલા અપરાધને પણ સહન કરવાની પ્રકૃતિવાળા શ્રી કેશવ ભગવાન મધ્યાહ્ન સમયે મારી રક્ષા કરો.-(૧૧)

બ્રહ્મનું નિરૂપણ કરનાર વેદો અને તેના ધારક બ્રાહ્મણોની નિંદા સાંભળીને જેમને બહુ ખેદ થાય છે, એવા ભગવાન માધવ દિવસના અંત ભાગમાં મારી રક્ષા કરો. વિપ્રો જેમને આત્મવત્ પ્રિય છે એવા વિપ્રપ્રિય અને ભકતોને વશ વર્તનારા, સકળ દુષ્ટનાશક ભગવાન શ્રી હરિ સાંયકાળે (સાંજના સમયે) મારી રક્ષા કરો.-(૧૨)

ધર્મસર્ગ-જ્ઞાન, વૈરાગ્ય આદિકનું પોષણ કરનારા એવા સર્વાત્મા શ્રી હરિ મધ્ય રાત્રિએ મારું રક્ષણ કરો. ભકિતદેવી અને ધર્મદેવને આનંદ પમાડનાર અને ધર્મ જેમને પ્રિય છે. એવા શ્રી હરિ રાત્રિના શેષ ભાગમાં મારી રક્ષા કરો. -(૧૩)

અભયરાજાની પ્રાર્થનાથી દુર્ગપુર અર્થાત્ ગઢડામાં સદા નિવાસ કરનારા શ્રી સ્વામિનારાયણ ભગવાન સંધ્યાકાળની નજીકના સમયમાં મારી સર્વ રીતે રક્ષા કરો. મુકુન્દાનંદ વર્ણિની નિષ્કામ સેવાથી સદા સંતુષ્ટ એવા ભગવાન શ્રી હરિ પાણીમાં નિરંતર રક્ષા કરો.-(૧૪)

આશ્રિતોએ ભકિત અને ધર્મ વડે જેમની આરાધના કરી છે તથા ભકિતમાતા અને ધર્મપિતાએ જેમની આરાધના કરેલી છે એવા ભગવાન શ્રી હરિ દરેક સ્થળમાં મારી રક્ષા કરો. સાવર્ણિ ગોત્રના તિલક સમાન અને સૌ નૈષ્ઠિકોના અગ્રગણ્ય એવા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી આકાશમાં આવતાં સર્વ ભયસ્થાન થકી મારી રક્ષા કરો.-(૧૫)

સ્વેચ્છાએ મત્સ્ય આદિક અનેક રૂપે અવતાર ધારણ કરનારા સ્વયંભૂ શ્રી હરિ મોટા કિલ્લામાં, ઘોર વનમાં, પર્વતોમાં, વૃક્ષોમાં, સંગ્રામમાં, બીજાં ઘોર સંકટોમાં, સાગરમાં અને અગ્નિ થકી સંભવતા ભય થકી મારું રક્ષણ કરો.-(૧૬)

સમસ્ત આશ્રિતોનાં દુઃખને હરનારા હોવાથી 'હરિ' અને ભકતજનોનાં ચિત્તને આકર્ષનારા હોવાથી 'કૃષ્ણ' આ બે મળીને 'હરિકૃષ્ણ' એવા ભગવાન શ્રી હરિ મારા મસ્તકનું રક્ષણ કરો. બાળચરિત્રો વડે ભકિતમાતા ને આનંદ આપનાર ભગવાન શ્રી હરિ મારા કપાળનું રક્ષણ કરો. ધર્મમાં પ્રીતિવાળા ભગવાન શ્રી હરિ

મારા મુખની (મોઢાની) રક્ષા કરો અને જેમને ભકતો બહુ જ વહાલા છે એવા ભકતવલ્લભ શ્રી હરિ મારા કાનની રક્ષા કરો.-(૧૭)

સર્વ નૈષ્ઠિકવ્રતધારીઓમાં શ્રેષ્ઠ એવા શ્રી હરિ મારી હનુ (જડબા)ની રક્ષા કરો. ધર્મના પુત્ર એવા ભગવાન શ્રી હરિ મારી બન્ને ભ્રુકુટિની રક્ષા કરો. ભકિત-ધર્મના પુત્રરૂપે પ્રગટ થયેલા શ્રી હરિ મારાં નેત્રોની રક્ષા કરો જેમને એક તપ જ મોટું ધન છે એવા ભગવાન શ્રી હરિ મારા નાકનું રક્ષણ કરો.- (૧૮)

સિદ્ધિનો ખોટો આડંબર રાખનાર મિથ્યા સિદ્ધોના ગર્વને પોતાના દિવ્ય ઐશ્વર્યથી હરનાર શ્રી હરિ મારા હોઠનું રક્ષણ કરો. મોટા મુનિઓના પણ આરાધ્ય એવા મહામુનિ ભગવાન નારાયણમુનિ મારી જીભનું રક્ષણ કરો. "નિલકંઠ મુનિ" એવા નામથી ભકતો વડે આરાધાતા ભગવાન શ્રી હરિ મારા દાંતનું રક્ષણ કરો. જેમનું દર્શન સૌ કોઇ મુમુક્ષ જનને પ્રિય છે, એવા ભગવાન શ્રી હરિ મારા કપોલ (ગાલ અને લમણાં) ની રક્ષા કરો.-(૧૯)

હરિપ્રસાદ અર્થાત્ ધર્મદેવને અપાર આનંદ આપનાર ભગવાન શ્રી હરિ મારા કંઠની નિરંતર રક્ષા કરો. અક્ષરબ્રહ્મ પર્યંત સર્વના સ્વામી એવા ભગવાન શ્રી હરિ મારા ખભાનું રક્ષણ કરો. સર્વ ઈન્દ્રિયોને જીતનારા ભગવાન શ્રી હરિ મારા હાથની રક્ષા કરો.-(૨૦)

સામવેદ મંત્રોનું ગાન કરનારા બ્રાહ્મણ કુળમાં પ્રાદુર્ભાવને પામેલા શ્રી હરિ મારી કો'ણી તથા હાથની આંગળીઓની રક્ષા કરો. રામપ્રતાપજીના નાનાભાઈરૂપે પ્રાદુર્ભવેલા ભગવાન શ્રી હરિ મારા હૃદયની સદા રક્ષા કરો.- (૨૧)

જેમનાં તપાદિક આચરણ, મોટા યોગીઓથી પણ આચરી શકાય તેવાં નથી, એવા મહામતિ ભગવાન શ્રી હરિ મારી બે કૂખનું રક્ષણ કરો. સર્વ યોગીઓના આરાધ્ય, યોગીઓના ઇશ્વર તથા ધર્મદેવનાં પત્નિ ભકિતદેવી (અથવા શ્રદ્ધાદિક અપર માતાઓ)ના સ્તનનું પાન કરનાર ભગવાન શ્રી હરિ મારી છાતીનું રક્ષણ કરો.-(૨૨)

કામના ગર્વને હરનારા ધર્મપુત્ર ભગવાન શ્રી હરિ મારા ઉદર (પેટ)ની રક્ષા કરો. કલ્પવૃક્ષની જેમ ભકતના સર્વ મનોરથ પૂર્ણ કરનાર શ્રી સ્વામિનારાયણ ભગવાન મારી નાભિ (ડૂંટી)નું રક્ષણ કરો.-(૨૩)

અસુરોના બળથી પરાભવ થયેલા ઉદ્ધવ સંપ્રદાયની પુષ્ટિ કરનારા ભગવાન શ્રી હરિ મારાં બે પડખાંની રક્ષા કરો. સત્સંગીજનો જેમને પરમ પ્રિય છે એવા ભગવાન નારાયણ મુનિ મારા શરીરના પાછલા ભાગ (પીઠ)ની રક્ષા કરો.-(૨૪)

સર્વ કલ્યાણકારી સાધુગુણો જેમનામાં રહેલા છે એવા વર્ણિરાજ ભગવાન શ્રી હરિ મારા કટિ (કેડ)ની રક્ષા કરો. સાધુઓને પ્રિય અને સાધુ જેમને પ્રિય છે એવા ભગવાન શ્રી હરિ મારાં ગુહ્ય અંગની રક્ષા કરો. ભકતોને આધિન એવા શ્રી હરિ મારા સાથળની ઉપરના ભાગની રક્ષા કરો.-(૨૫)

બ્રહ્મણ્યદેવ અર્થાત બ્રાહ્મણો તથા વેદના હિતકર એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન મારી ઊરુ (સાથળ)ની રક્ષા કરો. ધર્મના ધારક એવા શ્રી હરિ મારા ઢીચણની રક્ષા કરો. સ્ત્રીની ગંધને પણ સહન નહિ કરનારા એવા ભગવાન શ્રી હરિ મારી જાંઘનું રક્ષણ કરો. પુત્રરૂપે પ્રગટ થઈને પિતા ધર્મદેવને આનંદ આપનારા એવા ધર્મનંદન શ્રી હરિ મારી ઘુંટીની રક્ષા કરો.-(૨૬)

માતા ભકિતદેવીને આનંદ પમાડનારા ભગવાન શ્રી હરિ મારા પગ અને તેની આંગળીઓની રક્ષા કરો. ભકતોના સમસ્ત ભયને હરી લઈને તેનું રક્ષણ કરનારા શ્રી હરિ મારાં સર્વ અંગોની રક્ષા કરો. સંકલ્પ માત્રથી સદા, સર્વસ્વ વ્યાપીને રહેલા ભગવાન શ્રી હરિ મારાં રોમનું રક્ષણ કરો.-(૨૭)
અનેક ભકતજનોને પોતાના સાન્નિધ્યથી સ્વસ્વરૂપનાં દર્શન કરાવીને દિવ્યાનંદની પ્રાપ્તિ કરાવનાર ભગવાન શ્રી હરિ મારી સમગ્ર ઈન્દ્રિયોની રક્ષા કરો. ઈન્દ્રિયોનું નિયમન કરનારા હોવાથી ઋષિકેશ એવા ભગવાન શ્રી હરિ મારા પ્રાણોની રક્ષા કરો. લક્ષ્મીના પતિ અથવા જેમનો કોઈ સ્વામી નથી એટલે "માધવ" એવા ભગવાન શ્રી હરિ મારા ચિત્તની રક્ષા કરો. - (૨૮)

પૂર્વ ધર્મ અને મૂર્તિ થકી પ્રગટ થયેલા "નર-નારાયણ"-એમ એક છતાં બે રૂપધારી ભગવાન શ્રી હરિ મારી બુદ્ધિની રક્ષા કરો. જેમના સંકલ્પથી ભવબ્રહ્માદિકની ઉ ત્પત્તિ થાય છે. એવા સુંદર ભૂરા વાળવાળા ભગવાન કેશવ શ્રી હરિ મારા મનની રક્ષા કરો. વૃંદાવનના ચંદ્રની જેમ શોભાયમાન એવા ધર્મવલ્લભ ભગવાન શ્રી હરિ મારા આત્માની રક્ષા કરો.-(૨૯)

જેમણે નિદ્રાને જીતેલી છે એવા ભગવાન શ્રી હરિ પાપનાં મૂળ એવાં પ્રમાદ અને નિદ્રા થકી મારી રક્ષા કરો. વેદાદિક સત્શાસ્ત્રોને જ અનુસરવાની જેમની બુદ્રિ છે એવા ભગવાન સર્વ શ્રેયનો વિનાશ કરનારી દારિદ્રયરૂપ માતાઓ (માતૃકાદિ બાળગ્રહો) થકી મારી રક્ષા કરો. શાસ્ત્રોમાં 'નારાયણ' શબ્દથી નિર્દેશ કરાતા ભગવાન શ્રી હરિ ગર્વ થકી મારી રક્ષા કરો. શાસ્ત્રોમાં યોગેશ્વર એવા નામથી નિરૂપણ કરાયેલા ભગવાન શ્રી હરિ યોગભ્રંશ (ભગવદ્ પ્રાપ્તિના માર્ગથી ચલિત થવું) તે થકી મારી રક્ષા કરો. મહામુનિઓના પણ ઈશ્વર એવા ભગવાન શ્રી હરિ કર્મનાં બંધન થકી મારી રક્ષા કરો. - (૩૦-૩૧)

સદા નિષ્કામ એવા શ્રી હરિ શ્રેયમાત્રના વિનાશક અને અનર્થ માત્રના કારણ એવા અંતઃશત્રુ, કામ થકી મારી રક્ષા કરો. જેમણે ક્રોધને સદાને માટે જીતેલો છે એવા દયાળુ ભગવાન શ્રી હરિ દાવાનળની જેમ ભભૂકતા અતિ ભયાનક અંતઃશત્રુ, ક્રોધ થકી મારી રક્ષા કરો.-(૩૨)

મોટામોટાની પણ દુર્દશા કરનાર અને સદા ત્યાગવા યોગ્ય, એવા અંતઃશત્રુ લોભનું ઋષિમુનિઓના ઈતિહાસ વડે પૃથક પૃથક નિરૂપણ કરનારા ભગવાન શ્રી હરિ અંતઃશત્રુ લોભ કે જે, પારધીની જેમ (સદ્‌ગુણોના નાશરૂપ) પરહિંસા કરનારો છે, તે થકી મારી રક્ષા કરો. સર્વદા નિઃસ્વાદી એવા ભગવાન શ્રી હરિ પ્રબળ અને દુર્જેય એવી રસના ઈન્દ્રિય (રસમાં આસ્વાદવાળી જીભ) થકી મારી રક્ષા કરો.-(૩૩)

સર્વદા અભિમાને રહિત એવા ભગવાન શ્રી હરિ સર્વ સદ્‌ગુણોના દુષણરૂપ માન થકી મારું રક્ષણ કરો. સદા નિઃસ્પૃહ એવા ભગવાન શ્રી હરિ સર્વ દુઃખના સાગર જેવી સ્પૃહા થકી મારી રક્ષા કરો.-(૩૪)

જેમને પોતાના ભકતો સિવાય બીજી કોઈ વસ્તુમાં સ્નેહ નથી એવા નિઃસ્નેહ ભગવાન શ્રી હરિ દેહ અને દેહનાં સંબંધીમાં સહજ રીતે સંભવતા સ્નેહ થકી મારી રક્ષા કરો. મદ (ગર્વ) રહિત એવા શ્રી હરિ મદ (ગર્વ) રૂપ સાપ કે જે કલ્યાણના માર્ગ થકી ભ્રષ્ટ કરનાર છે તે થકી મારી રક્ષા કરો.-(૩૫)

સંતમંડળના આશ્રયભુત, દંભહીન ભગવાન શ્રી હરિ દંભ થકી મારું રક્ષણ કરો. મત્સરે રહિત એવા ધર્મદેવના પુત્ર શ્રી હરિ મત્સર (અદેખાઈ) થકી મારી રક્ષા કરો.-(૩૬)

પોતાના દિવ્ય રૂપથી ભકિતમાતા-ધર્મપિતાને આનંદ આપનારા અને સર્વ દુ:ખને હરનારા એવા શ્રી હરિ સ્થિર (ઊભા), ગમન (ચાલતાં), આસન (બેસતાં), પીતાં, ખાતાં-આદિ ક્રિયાઓમાં મારી રક્ષા કરો.-(૩૭)

સર્વેનાં અંતરમાં પ્રવેશ કરીને નિયમન કરનારા અને જેમનાં ચરિત્રો અદ્‌ભુત છે એવા ભગવાન શ્રી હરિ પ્રમત્ત (ગાંડપણ કે કેફથી ઉન્મત્ત) કે અપ્રમત્ત દશામાં, માર્ગમાં પડી જતાં કે ઠેસ વાગતાં, છીંક ખાતાં કે બગાસું ખાતાં, નિદ્રાવશ કે આળસવશ, ઘરની બહાર કે ઘરની અંદર રહેલા મને, જેઓ દુ:ખ દેવા તત્પર છે તે સર્વેનો નાશ કરો અર્થાત્ સર્વ અવસ્થાઓમાં મારી રક્ષા કરો.-(૩૮-૩૯)

મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન-આ પાંચ મકારમાં પ્રવર્તનારા કૌલાગામી (વામમાર્ગીઓ)ને તેમના મતનો ત્યાગ કરાવી તેમને સન્માર્ગે વાળનાર શ્રી હરિ દુષ્ટ જનોના સંગ થકી તથા કૂડાપંથી, નાસ્તિક, શકિતપંથી તથા શુષ્કજ્ઞાની થકી મારી સદા રક્ષા કરો.-(૪૦)

આત્મા-પરમાત્માના સ્વરૂપ સંબંધી જ્ઞાનના બુદ્ધિયોગને આપનારા ભગવાન શ્રી હરિ અજ્ઞાન થકી મારી રક્ષા કરો. પદાર્થ માત્રથી અનાસકત, પરંતુ સત્સંગમાં અતિ રુચિ હોવાથી સંતના મંડળમાં જ રહેવાની રુચિવાળા અને યોગને જાણનારાઓ મધ્યે શ્રેષ્ઠતમ એવા ભગવાન શ્રી હરિ ભગવદ્‌ભકિત કરવામાં થતા અપરાધો થકી મારી રક્ષા કરો.-(૪૧)

ધર્મવિદોમાં વરિષ્ઠ એવા ભગવાન શ્રી હરિ માર્ગમાં આવતા દેવાલયને જોઇને તેમાં પ્રતિષ્ઠિત દેવને નમન-દર્શન ન થઇ શકવારૂપ અપરાધ થકી મારી રક્ષા કરો. વનવિચરણ દરમિયાન, તીવ્ર તપશ્ચર્યા વખતે દિવ્ય દેહધારી ભકિતમાતા અને ધર્મપિતાની સેવાને અંગીકાર કરનાર ભગવાન શ્રી નીલકંઠ વર્ણિ સદાચાર ભંગ થકી મારી રક્ષા કરો.-(૪૨)

દ્વિજેન્દ્ર એવા ધર્મદેવના કુળને શોભાવનારા ભગવાન શ્રી હરિ કળિયુગના બળને લીધે ઉદ્‌ભવતા ઉત્પાત થકી મારી રક્ષા કરો. ભકિત-ધર્મે જેમનાં ચરણકમળ આરાધ્યાં છે, એવા શ્રી હરિ જનઅપવાદ થકી મારી રક્ષા કરો.-(૪૩)

ભકિતદેવી અને ધર્મદેવે આદરેલા અતિશય તીવ્ર તપના ફળસ્વરૂપે તેમને ત્યાં પુત્રરૂપે પ્રગટ થયેલા ભગવાન શ્રી હરિ દેહાભિમાન થકી મારી રક્ષા કરો. પોતાના દિવ્ય પ્રતાપ વડે અસુરોને પરાભવ કરનાર ભગવાન શ્રી હરિ મોહ અને કુતર્ક થકી મારી રક્ષા કરો.- (૪૪)

સુખ-દુ:ખના દ્વન્દ્વથી પર એવા ભગવાન સુખ-દુ:ખના દ્વન્દ્વ થકી મારી રક્ષા કરો. પદાર્થ માત્રના પરિગ્રહે રહિત એવા પૂર્ણકામ ઈશ્વર શ્રી હરિ તૃષ્ણાના અગાધ સમુદ્ર થકી મારી રક્ષા કરો.- (૪૫)

સૂર્યાદિક ગ્રહો જેમનાથી ભય પામીને જેમના નિયમન અનુસાર વર્તે છે, એવા વિપેન્દ્ર શ્રી હરિ સૂર્યાદિ વિષમ ગ્રહો થકી મારી રક્ષા કરો. મોટા યોગીઓ પણ જેમને નમસ્કાર કરે છે એવા મહા પ્રભાવશાળી, પરમ યોગેશ્વર ભગવાન શ્રી હરિ ક્રૂર દ્રષ્ટિવાળા કેતુઓ થકી મારી રક્ષા કરો.- (૪૬)

સ્વંય ઊર્ધ્વરેતા હોવાથી નિષ્કામી જન જેમને બહુ વહાલા છે એવા ભગવાન શ્રી હરિ આધિ (માનસિક દુ:ખ) વ્યાધિ (શારીરિક દુ:ખ) થકી મારી રક્ષા કરો.- (૪૭)

સદા સર્વથા સમર્થ પ્રભુ એવા ભગવાન શ્રી હરિ જેમની દાઢમાં ઝેર છે એવા સાપ થકી તથા બીજા તીક્ષ્ણ, ઝેરી દાઢોવાળાં ભૂતો થકી મારી રક્ષા કરો. સર્વ પ્રકારનાં પાપનું શમન કરનારા ભગવાન શ્રી હરિ સમસ્ત પાપ થકી મારી રક્ષા કરો.– (૪૮)

જેમની વૃત્તિ અહિંસા પ્રધાન છે એવા શ્રી હરિ હિંસક વાઘ આદિ જંગલી પશુઓ તથા ડાકીનિ, ભૂત, પ્રેત, યક્ષ અને રાક્ષક થકી મારું નિરંતર રક્ષણ કરો.– (૪૯)

પુણ્યકર્મ જ જેમને આનંદ ઉપજાવનારું છે એવા ધર્મનંદન શ્રી હરિ ત્રણ તાપ–આધ્યાત્મિક (મનથી ઉત્પન્ન થયેલ), આધિભૌતિક (પશુ–પક્ષી દ્વારા ઉત્પન્ન થયેલ), આધિદૈવિક (દૈવે નિર્માણ કરેલ) પીડા થકી તથા મરકી તેમજ ખરાબ સ્વપ્નની પીડા થકી મારી રક્ષા કરો.– (૫૦)

કલ્પિત મતપંથોને દાવાનળની જેમ બાળીને તેનો નાશ કરનારા ભગવાન શ્રી હરિ કુમતિ અને કુદ્રષ્ટિવાળા પુરુષો થકી અને તેવાં કુશાસ્ત્રો થકી અને દુષ્ટ રાજકુળાદિક થકી મારી સર્વ પ્રકારે રક્ષા કરો.– (૫૧)

સંતોને પરમ પ્રિય એવા શ્રી હરિ–સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદમાં અતિશય આસકત થઈને ભકિત અને જ્ઞાનનો ઉપર ઉપરથી આડંબર રાખીને પાપમાં પ્રવર્તનારા પાખંડીઓ થકી મારી રક્ષા કરો.– (૫૨)

જેઓ મારણ (મારી નાખવાની તાંત્રિક ક્રિયા), ઉત્સાદન (ઉચ્છેદ), ઉચ્ચાટન, ઉન્મૂલન (જડ મૂળમાંથી ઉખેડી નાખવું, નીકંદન કરવું), પરસ્પર દ્વેષ કરાવવામાં અને મોહીત કરવામાં પ્રવીણ હોઈ અભિચાર– કર્મ કરનારા છે તથા જે વિશ્વાસઘાતક, પોતાના સ્વામીનો દ્રોહ કરનારા, આતતાયી (આગ લગાડનારા, ઝેર દેનારા, સ્ત્રી–ધન–ખેતર લઈ લેનારા, ધાડપાડુ–આદિ દુષ્ટો)– તે સર્વનો, સર્વ શત્રુઓને ભય ઉપજાવનારા ભગવાન શ્રી હરિ તત્કાળ નાશ કરો.– (૫૩–૫૪)

જે ક્ષેત્ર–વિત્તાદિકને હરનારા છે; બંધનાદિ ભયને આપનારા છે, જે અનાવૃષ્ટિ આદિ ઈતિઓ છે, જે દુષ્ટ જાતિવાળા છે, જે ધનને હરનારા ચોરો છે, જે હિંસક શત્રુઓ છે, જે સાધુને ભય કરનાર છે અને શસ્ત્રાદિક ના પ્રહારથી દુઃખ દેનારા દુષ્ટો છે તે સર્વે, શ્રી હરિના નામ સંકીર્તન માત્રથી નાશ પામી જાઓ.– (૫૫–૫૭)

બીજાને માત્ર પીડા જ પમાડનારા મંત્રો–યંત્રો આદિક ક્ષુદ્ર–કર્મ કરનારા દુષ્ટો, દુષ્ટ હદયવાળા રાજમંત્રીઓ, કોઈના કાર્યનો ભંગ કરનારા, જે દુષ્ટો બીજાની ઠગાઈ કરવામાં જ પ્રવિણ છે, મારણાદિક અભિચાર જેવાં દુષ્ટ કર્મો કરનારા ક્રૂર માણસો તથા જે મહા કલેશકારક મલેચ્છો છે, જે પાપ કરનારા હીન કોટિના માણસો છે અને પારકાં છિદ્ર શોધવામાં સદા તત્પર છે અને બીજા જે મને દુઃખ દેવા માટે તત્પર છે તે સર્વે શ્રી હરિના નામ–સંકીર્તન માત્રથી નાશ પામી જાઓ.– (૫૮–૬૦)

વાત, પિત્ત અને કફની વિકૃતિથી થનારા તાવ, સન્નિપાત સાથેના તાવ તથા એક દિવસે, બે દિવસે, ત્રણ દિવસે, ચાર દિવસે આવનારા મહા જવરો (તાવ) છે તથા પખવાડીયે, મહિને, છ મહિને, એક વર્ષે આવનારા તાવ– જે મટાડી ન શકાય એવા પરમ દારુણ જવરો (તાવ) છે તથા દેહ–ઈન્દ્રિય અને પ્રાણને થર થર કંપાવનારા શૈવ, વૈષ્ણવ જવરો (તાવ)– તે સર્વે ભગવાન શ્રી સહજાનંદના નામોચ્ચારણ માત્રથી દૂર થાઓ.– (૬૧–૬૩)

સ્વપ્નમાં ઉપજતા અનિષ્ટ સૂચક મોટા ઉત્પાતો, વૃદ્ધ બાળગ્રહો, વાઇનો વ્યાધિ તથા શીવના કૌષ્માંડ આદિ વિશેષ ગણ, પૂતના-માતૃકાદિ દુષ્ટો, તેમજ દિવાચર (દિવસે ફરનારા), રાત્રિચર (રાતે ફરનારા), સંધ્યાચર (સંધ્યા સમયે ફરનારા)- એવા અતિ દારુણ દુષ્ટો શ્રી હરિના 'નારાયણ' એવા નામોચ્ચારથી પરાભવ પામીને નાશ થઇ જાઓ.- (૬૪-૬૫)

જે ઉદ્‌ભિજજ (જમીન કે બીજને ભેદીને થતી વનસ્પતિ), અંડજ (ઈંડામાંથી જન્મેલાં પક્ષી, સાપ, ગરોળી વગેરે), સ્વેદજ (પસીનામાંથી ઉત્પન્ન થતાં જુ, માંકડ, ચાંચડ વગરે), જરાયુજ (ગર્ભને વીટળાઇને જન્મ લેનારા પશુ-મનુષ્યાદિક)- આ ચાર પ્રકારના જીવમાંથી જે સંધ્યા સમયે, દિવસે કે રાત્રી સમયે મને પીડા આપવા ઇચ્છતા હોય તે સર્વે, સ્વામીઓના પણ સ્વામી એવા સ્વામીનાથ ભગવાન શ્રી સ્વામિનારાયણના નામસ્મરણ માત્રથી ભય પામીને ગતિ અને બળમાં નષ્ટ થઇને દૂરથી જ નાશ પામો.- (૬૬-૬૭)

મેં આગળ કહ્યા હોય તે સિવાયનાં, શરીરની અંદરના તથા બહારનાં ભયસ્થાન થકી, દેવોના પણ આરાધ્ય દેવ અને ભકિત-ધર્મના પુત્ર એવા ભગવાન શ્રી હરિ મારી રક્ષા કરો.- (૬૮)

હે શ્રી હરિ ! આ મારું શરીર, આ શ્રી હરિકવચથી આવરીત થતાં, વજ્ર કરતાં પણ વધુ બળવાન બનીને સો જાતની પીડાઓ થકી મુકત થઇને ભયમુકત કરો. -(૬૯)

અખિલ બ્રહ્માંડના દેવોના પણ દેવ એવા ધર્મનંદન શ્રી હરિના દિવ્ય કલ્યાણકારી નામસ્મરણરૂપ અભેદ કવચને બાંધીને નિર્ભય ચિત્તથી હું દિવસ-રાત કરું છું.-(૭૦)

સમગ્ર આધિ-વ્યાધિને નાશ કરનારું, સમસ્ત પાપનું શમન કરનારું, સર્વ અનિષ્ટોને દૂર કરીને સર્વ પ્રકારે શાંતિ આપનારું, સમસ્ત ભયને ટાળનારું વિજયાર્થને અપાવનારું ભુકિત અર્થાત્ ઇચ્છીત ભોગ અને મુકિત અર્થાત્ આત્યંતિક કલ્યાણ-મોક્ષને અપાવનારું, માટે જ કુપાત્રો થકી સાચવવાનું એવું ઉત્તમ અને પરમ અદ્‌ભુત શ્રી હરિકવચ મેં કહ્યું.- (૭૧-૭૨)

આ કવચ-જે ખળ, દંભી, ધર્મમર્યાદાને તોડનાર, આસુરી સંપદાએ યુકત હોય તથા નાસ્તિક હોય તેને કદાપિ ન આપવું. વળી જે વિષયલોલુપ હોય, ભકતદ્રોહી હોય, શુષ્કજ્ઞાની હોય તથા ભગવાનની નિંદા કરનાર હોય તેને ન આપવું. - (૭૩-૭૪)

જે શ્રદ્ધાવાન હોય, આસ્તિક હોય, અસૂયા (ઇર્સ્યા), મત્સર (અદેખાઇ) રહિત હોય, જે હરિને પ્રિય હોય અને હરિ જેને પ્રિય હોય તેવા હરિભકતો જેને પ્રિય હોય અને હરિભકતાને જે પ્રિય હોય તેવા મનુષ્યોને આ કવચ આપવું. - (૭૫)

જે મનુષ્ય આ કવચને લખીને ગળામાં કે જમણા બાહુમાં ધારણ કરે તેનો પદે પદે જય થાય. - (૭૬)

જે મનુષ્ય આ હરિકવચને ભકિતથી સ્વયં સાંભળે કે ભકતસભામાં ભકિતથી સંભળાવે તેને ભગવાન શ્રી હરિકૃષ્ણની પ્રસન્નતાના બળથી કાંઇ દુર્લભ રહેતું નથી. પરંતુ સર્વ અર્થ સુલભ થાય છે. - (૭૭)

આ હરિકવચના પ્રભાવથી ધર્મસર્ગ જે શમ, દમ ક્ષમા, તિતિક્ષા–વગેરે અતિ દ્રઢ પ્રીતિ થાય છે. જે મુકિતને આપનારી છે અને અધર્મના વંશ એવા કામ–ક્રોધાદિક જે સર્વ કલ્યાણકારી શુભ કર્મોમાં વિઘ્ન કરનારા છે તેને પણ આ કવચના પ્રભાવથી જીતી શકાય છે. – (૭૮ )

આ હરિકવચનો ઉપાસક આ કવચના પ્રભાવથી આ લોકમાં ધનાદિ સમૃદ્ધિ, એકાંતિક ભકિત મેળવે છે અને મુકિત અર્થાત્ અંત સમયે ભગવાનના અક્ષરધામને પામે છે. – (૭૯)

આ કવચનો દસ હજાર વખત જપ કરવાથી ભૂત–પ્રેત–પિશાચ–ડાકીનિ–બ્રહ્મરાક્ષક–યોગીની; તેમજ પિશાચીણિ, વૃદ્ધ બાળગ્રહ વગેરે તથા શત્રુએ કરેલા અભિચાર (મારણ, ઉચ્ચાટન વગેરે) તથા અસાધ્ય રોગો તેમજ અન્ય ઉપદ્રવોનો નાશ થાય છે. એમાં સંશય નથી. – (૮૦–૮૧)

આ કવચનો રોજ પાંચ વખત પાઠ કરવાથી મનુષ્યોને ઈષ્ટ ફળ મળે છે. તથી ગૃહસ્થ ભકતોએ અને ત્યાગીઓએ આ કવચનો પાઠ, પ્રયત્નપૂર્વક અવશ્ય કરવો જોઈએ. – (૮૨)

પરમ પવિત્ર, ઉત્તમ, કવચવર એવું આ શ્રી હરિકવચ અનેક પ્રકારનાં શસ્ત્રો–અસ્ત્રોથી અભેદ્ય, જન્મ–મરણના ભયને ટાળનારું અને અક્ષરધામને પમાડનારું છે. તેથી શ્રેયની કામનાવાળા સર્વ મનુષ્યોએ શ્રદ્ધાપૂર્વક આ અગાઉ કહ્યા મુજબ સદા ધારણ કરવા યોગ્ય છે. – (૮૩)

# ઈતિ શ્રી નિત્યાનંદ મુનિ વિરચિતં

# ॥ શ્રી હરિકવચં સમાપ્તમ્ ॥